આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૦૨-૦૪-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## મતદાન જાગૃતતા-પી.ભારતી

રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ ગુજરાતની લોકસભાની 26 બેઠકો માટે આગામી 7મી મે ના રોજ યોજાનાર ચૂંટણી વખતે મોટી સંખ્યામાં મતદાન કરવા મતદારોને અનુરોધ કર્યો છે.

ગાંધીનગરના રામકથા મેદાન પરથી મતદાન અંગે લોકોને જાગૃત કરવા યોજાયેલી બાઇકરેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતાં રાજયના મુખ્ય ચુંટણી અધિકારી શ્રીમતી પી.ભારતીએ આ મુજબ જણાવ્યું હતું. આ બાઇક રેલી ગાંધીનગરના વિવિધ માર્ગો પર ફરીને કલેકટર કચેરી ખાતે પૂર્ણ થઇ હતી. આ રેલીમાં જીલ્લા કલેકટર, નાયબ કલેકટર, સહિતના ઘણા ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

ગુજરાતમાં 7મી મે, 2024ના યોજાનાર લોકસભા ચૂંટણીને અનુલક્ષીને મતદારોમાં જાગૃતિ કેળવવા માટે મોટેરા સ્ટેડિયમમાં યોજાયેલ આઈપીએલ મેચ દરમિયાન સ્ટેડિયમમાં અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્ટેન્ડી, વિવિધ પોસ્ટર્સ, બેનર મુકવામાં આવ્યા હતા.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## નાણામંત્રાલય ટેક્ષ

નાણા મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે ગઈકાલથી શરૂ થયેલા નાણાકીય વર્ષમાં કર વ્યવસ્થામાં કોઈ નવા ફેરફાર કરવામાં આવ્યા નથી. મંત્રાલયે નવી કર વ્યવસ્થા અંગે સોશિયલ મીડિયા પર આપવામાં આવી રહેલી માહિતીને ગેરમાર્ગે

દોરનારી ગણાવીને રદિયો આપ્યો છે. મંત્રાલયે કહ્યું છે કે નવી કર વ્યવસ્થા મુખ્યત્વે વ્યક્તિગત કરદાતાઓને લાગુ પડે છે.

નવી કર વ્યવસ્થા હેઠળ, કરના દરો નોંધપાત્ર રીતે ઓછા છે અને પગારમાંથી 50 હજાર અને કુટુંબ પેન્શનમાંથી 15 હજાર રૂપિયા જેવી વિવિધ છૂટ તેમજ રાહતો જૂની કર વ્યવસ્થામાં ઉપલબ્ધ હતી તે નવી કર વ્યવસ્થામાં ઉપલબ્ધ નથી. મંત્રાલયે કહ્યું કે કરદાતાઓ પોતાના માટે ફાયદાકારક હોય તે કર વ્યવસ્થા પસંદ કરી શકે છે.

**(RNU અમદાવાદ)**

---

## કોમન એડમીશન પોર્ટલ

રાજયની 14 સરકારી યુનિવર્સીટીઓ અને સંલગ્ન કોલેજોમાં પ્રવેશ માટે કોમન એડમીશન પોર્ટલ પર ગઈકાલથી ઓનલાઈન નોંધણીનો પ્રારંભ થયો છે.જેમાં કચ્છ યુનિવસિર્ટીનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત યુનિવર્સિટી સહિત રાજયની 14 સરકારી યુનિવર્સિટીઓની વિવિધ શાખાઓમાં સ્નાતક, અનુસ્નાતક અને પી.એચ.ડી.માં પ્રવેશ માટે સરકાર દ્વારા પ્રથમવાર કોમન એડમિશન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સ્નાતક અભ્યાસક્રમના પ્રવેશ માટે ધો. 12ના વિદ્યાર્થીઓ ઓનલાઇન નોંધણી કરી શકશે.

**(RNU અમદાવાદ)**

---

## ગુજરાત ગૌણ સેવા

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવનારી વર્ગ –3ની ગ્રુપ એ અને ગ્રુપ બીની પરીક્ષાના પ્રવેશપત્ર ડાઉનલોડ કરવા માટેની મુદતમાં વધારો કરાયો છે.

ઉલ્લેખનીય છે કે  આ પ્રવેશપત્રો ડાઉનલોડ કરવાની મુદત પૂરી થઇ હોવા છતાં  ઘણા ઉમેદવારોએ પ્રવેશપત્રો ડાઉનલોડ ન કર્યાનું ધ્યાને આવતા આ મુદત 6 એપ્રિલ સુધી વધારવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

---

## રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી-CUET-(UG)

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ કેન્દ્રીય યુનિવર્સિટીઓ અને અન્ય સંસ્થાઓમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટેની પરીક્ષા CUET-(UG) 2024ના ઓનલાઈન અરજી ફોર્મ ભરવા માટેની છેલ્લી તારીખ 5મી એપ્રિલ સુધી લંબાવી છે.

એજન્સીની યાદીમાં જણાવ્યા મુજબ  ઉમેદવારો અને અન્ય હિતધારકો તરફથી મળેલી રજૂઆતોને ધ્યાને લઈ આ તારીખ લંબાવવામાં આવી છે. ઉમેદવારો ઓળખ માટે સ્કૂલ આઈડી અથવા ફોટોગ્રાફ સાથે કોઈપણ સરકારી આઈડીનો પણ ઉપયોગ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે આ  પરીક્ષા આગામી  15 થી 31 મે દરમિયાન યોજાવાની છે.

**(RNU અમદાવાદ)**

---

## લોકસભા ચૂંટણી-એસ.ટી.બસ વ્યવસ્થા

લોકસભા ચૂંટણીની કામગીરી માટે વાહન સંપાદનનું કાર્ય આરંભી દેવાયું છે. ચૂંટણી કામગીરી અંતર્ગત પોલીંગ સ્ટાફને મતદાન મથક સુધી પહોંચાડવા માટે એસ.ટી.ની 210 થી વધુ બસ ફાળવવામાં આવશે. તો અન્ય ખાનગી વાહનોને પણ જરૂરિયાત અનુસાર ઉપયોગમાં લેવામાં આવશે. જિલ્લા ચૂંટણી શાખામાંથી મળેલી સત્તાવાર વિગતો અનુસાર કચ્છમાં 1844 બૂથ પર 7મી મેના મતદાન પ્રક્રિયા હાથ ધરાનાર છે. આ માટે છ વિધાનસભા ક્ષેત્રમાં 193 ઝોનલ રૂટ બનાવાયા છે. વાહન સંપાદનની કામગીરીના નોડલ ઓફિસર તરીકે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીને નિયુક્ત કરવામાં આવ્યા છે. જિલ્લામાં તૈયાર

કરાયેલ ઝોનલ રૂટ પર અબડાસામાં સૌથી વધુ 44, ભુજમાં 34, અંજારમાં 30, માંડવી અને રાપરમાં 29 તો ગાંધીધામમાં સૌથી ઓછા 27 ઝોનલ રૂટ બનાવાયા છે.

**(NP/વિરલ રાણા)**

---------------------------------------------------------------------------------

## ક્રિકેટ-IPL-MI/RR

ઇન્ડિયન પ્રીમિયર લીગની મેચમાં  રાજસ્થાન રોયલ્સની ટીમે મુંબઈ ઇન્ડિયન્સની ટીમને છ વિકેટે હરાવી વિજયની પરંપરા જાળવી રાખી છે. મુંબઈમાં રમાયેલ મેચમાં મુંબઇ ટીમે 9 વિકેટ ગુમાવી  125 રન કર્યા હતા જવાબ માં રાજસ્થાન ટીમે 4 વિકેટના ભોગે 127 રન કરી મેચ જીતી લીધી હતી

**(ચંદ્રવદન પટ્ટણી)**

---------------------------------------------------------------------------------